મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૦૪-૦૯-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૪૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા. ૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## અંબાજી ભાદરવી પૂમનો મેળો : માઈભક્તોની અવિરત સેવામાં કાર્યરત ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ

# એસ.ટી. નિગમની અંદાજિત ૫૫૦૦ જેટલી બસો યાત્રાળુઓની સેવામાં કાર્યરત







(ગરવી તાકાત) મહેસાણા તા.૩

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાની શાનદાર જમાવટ થઈ રહી છે. માઈભક્તો પગપાળા માં અંબાના દર્શન માટે આવી રહ્યા છે, તો ઘણા શ્રદ્ધાળુઓ ગુજરાત એસ. ટી. નિગમની બસ મારફતે પણ અંબાજી આવી રહ્યા છે. અંબાજી આવતા મોટાભાગના લોકો પરત પોતાના ઘરે ગુજરાત એસ. ટી. નિગમની બસોમાં પ્રવાસ કરીને જાય છે.

દૂર સુદૂરથી આવતા યાત્રાળુઓની સેવામાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા અંદાજિત ૫૫૦૦ જેટલી બસો મુકવામાં આવી છે. યાત્રાળુઓની સેવામાં કાર્યરત આ બસ સેવાનો લાભ લઈ યાત્રિકો રાજ્ય સરકાર અને વહીવટી તંત્રની કામગીરીને બિરદાવી રહ્યા છે અને તે સેવાનો અવિરત લાભ લઈ રહ્યા છે.

વિશ્વ પ્રસિદ્ધ ભાદરવી પૂનમના મેળા અંગે એસ. ટી. તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાઓ અંગે માહિતી આપતાં વિભાગીય નિયામકશ્રી વિનુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે તા.૦૧ સપ્ટેમ્બર થી ૦૭ સપ્ટેમ્બર દરમિયાન વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મેળા માટે વર્ષે પાલનપુર ઉપરાંત મહેસાણા, હિમંતનગર અને અમદાવાદ એમ ૪ વિભાગ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. અંદાજે ૫૫૦૦ જેટલી બસો દ્વારા યાત્રાળુઓની સેવામાં ૨૪ કલાક એસ.ટી. વિભાગનો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે.

આ માટે અલગ અલગ ૧૦ બુથો બનાવી સંચાલન કરવામાં આવી રહ્યું છે. એસ. ટી. વિભાગ દ્વારા અંબાજીમાં આવતા મુસાફરોને કોઈપણ તકલીફ ના પડે તે માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આસોપાલવ બુથથી દાંતા અને બોરીવલી સર્કલથી વિવિધ બસો દ્વારા યાત્રાળુઓને વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ પરથી ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા,પાટણ, મહેસાણા આ તમામ બસોનું પણ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

અંબાજી મહામેળામાં આવનાર પદયાત્રીઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે પાણી તેમજ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

માં અંબાના ધામે દર્શન કરવા આવેલ યાત્રાળુ શ્રી અશોકભાઈએ જણાવ્યું હતું કે,આ મેળામાં રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહામેળાની અંદર કોઈ પણ પ્રકારની યાત્રાળુઓને અગવડ ન પડે તે માટે રાજ્ય સરકાર તેમજ સ્થાનિક પ્રશાસન દ્વારા ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે. તે બદલ ગુજરાત સરકાર અને સ્થાનિક પ્રશાસનનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું.

માઁ અંબાના દર્શન કરવા આવેલ કલોલના યાત્રાળુ ક્રિષ્નાબેને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા એસટીની ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ યાત્રાળુઓની ખૂબ કાળજી રાખીને તકલીફ ન પડે તેવી સગવડ ઊભી કરવામાં આવી છે.

## હસમુખભાઇ પટેલના ઘરમાં દીકરાના પી.આર. વિઝા માટે આવેલા શખ્સોએ ચલાવી લૂંટ

# મહેસાણાના લિંચ ગામમાં ભર બપોરે રિવોલ્વરની અણીએ રૂપિયા ૬.૫ લાખની સનસનાટીભરી લૂંટ, ૪ શખ્સ ફરાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા તાલુકાના લિંચ ગામમાં ભર બપોરે રિવોલ્વરની અણીએ ચાર શખ્સોએ હસમુખભાઈ રમેશચંદ્ર પટેલના ઘરમાં ઘૂસીને રૂ. ૬.૫ લાખની રોકડની લૂંટ ચલાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટના બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે, જેના પગલે મહેસાણા જિલ્લા પોલીસે જિલ્લાભરમાં નાકાબંધી કરી તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, હસમુખભાઈ પટેલના દીકરાના પી.આર. (પરમેનન્ટ રેસિડેન્સી) વિઝાના કામ માટે ચાર શખ્સો તેમના ઘરે આવ્યા હતા. આ શખ્સોએ વિઝાની પ્રક્રિયાના બહાને ઘરમાં પ્રવેશ કર્યો અને રિવોલ્વરની અણીએ ઘરમાંથી રૂ. ૬.૫ લાખની રોકડ લૂંટી લીધી. લૂંટ ચલાવ્યા બાદ આરોપીઓ ઝડપથી ફરાર થઈ ગયા. આ ઘટનાથી ગામમાં ભયનો માહોલ સર્જાયો છે.

ઘટનાની જાણ થતાં જ મહેસાણા પોલીસે તાત્કાલિક નાકાબંધી કરી આરોપીઓને પકડવા માટે તપાસ શરૂ કરી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં સીસીટીવી ફૂટેજ તપાસવા સાથે ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમ મોકલી છે. આ ઉપરાંત, હસમુખભાઈ પટેલ પાસેથી ઘટનાની વિગતો મેળવી આરોપીઓની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે. પોલીસને આશંકા છે કે આરોપીઓએ પૂર્વયોજના સાથે આ લૂંટ ચલાવી હશે.

લિંચ ગામમાં આવી ગંભીર ઘટના બનતાં સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગામના લોકો રિવોલ્વરની અણીએ લૂંટની ઘટનાથી ચોંકી ગયા છે અને પોલીસ પાસે આરોપીઓને જલદી પકડી લેવાની માગ કરી રહ્યા છે.

મહેસાણા એસપીએ જણાવ્યું કે, "આ ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે અને આરોપીઓને પકડવા માટે તમામ સંભવિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

લોકોને અપીલ છે કે તેઓ કોઈ અજાણ્યા શખ્સ પર વિશ્વાસ કરતા પહેલા સાવચેતી રાખે."

આ ઘટનાને લઈને જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે, અને પોલીસ આરોપીઓની ધરપકડ માટે સતત કામગીરી કરી રહી છે.

પોલીસે ઘટનાની ગંભીરતાને લઈને સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવી હતી. જેને લઈને લૂંટારૂઓને વહેલી તકે ઝડપી પાડવામાં આવે. સમગ્ર ઘટનાને લઈને મહેસાણા જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

ધોળા દહાડે ગ્રામ્ય વિસ્તારમાં બનેલી આ ઘટનાથી આજુબાજુ વિસ્તારમાં નાગરીકોમા ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. લીંચ ગામમાં આ ઘટનાને લઈને દિવસ ભર અનેક ચર્ચાઓ થવા લાગી હતી.

## જાતિ વિષિયક અપશબ્દો તેમજ ગાળો બોલતાં લાંઘણજ પોલીસ મથકમાં ફરિયાદ

# શેઢાવીમાં 'પૂછ્યા વગર તમે જાતે પ્રસાદી કેમ લીધી તેમ કહી' બે ભાઈઓને માર માર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા તાલુકાના નવી શેઢાવી ગામમાં આવેલા મંદિરમાં જાતે પ્રસાદી અને નાસ્તો લઈ લેવાના મુદ્દે એકાએક ઉશ્કેરાઈ ગયેલા એક શખસે બે ભાઈઓને ગડદાપાટુનો માર મારતાં ઈજા થઈ હતી.

જયારે તેઓને જાતી વિષયક અપશબ્દોની સાથે મનફાવે તેવી ગાળો બોલી હતી. આ ઘટના અંગે લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરીયાદના આધારે પોલીસે એટ્રોસિટી એક્ટ અંતર્ગત ગુનો દાખલ કર્યો હતો.




કડી તાલુકાના ટાંકીયા ગામે રહેતા ફરીયાદી મહેન્દ્રભાઈ મંગળભાઈ સોલંકીએ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં કરવામાં આવેલા ઉલ્લેખ અનુસાર, તેઓના સગીરવયના બે દિકરા ચિરાગ અને ધવલ સાંજના સુમારે ગામના લોકોની સાથે મહેસાણા તાલુકાના નવી શેઢાવી ગામે રામાપીરના મંદિરે નેજા (ધજા) ચડાવવા માટે ગયા હતાં. અહીં બન્ને ભાઈએ મંદિરમાં પોતાની જાતે પ્રસાદ અને ચા-પાણી કરી લીધાં હતાં. તેની જાણ થતાં પ્રહલાદ શંકરજી ઠાકોરે મનદુખ રાખીને બન્ને ભાઈઓને ગડદાપાટુનો માર તેમજ લાપોટ ઝાપોટ કરી હતી.

જયારે પુછ્યા વગર તમે જાતે પ્રસાદી કેમ લીધી તેમ કહીને જાતિવિષયક અપશબ્દો તેમજ ગાળો બોલી હતી.

ગામના લોકોએ બન્ને ભાઈઓને છોડાવ્યાં હતા અને સારવાર માટે નંદાસણ સરકારી દવાખાને લઈ ગયા હતા. આ અંગે લાંઘણજ પોલીસ મથકે નોંધાવાયેલ ફરીયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કડી પોલીસે એક્ટિવાની ચોરીના કેસમાં બે શખ્સોની ધરપકડ કરી : આરોપીઓને જેલના હવાલે કરાયા

(ગરવી તાકાત) કડી તા.૩

કડી શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વાહન ચોરીની ઘટનાઓ વધી રહી છે. કડી પોલીસે એક્ટિવાની ચોરીના કેસમાં બે શખ્સોની ધરપકડ કરી છે.



કડી પોલીસ સ્ટેશનના પીઆઈ એ. એન. સોલંકીની સૂચના મુજબ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. બહુચર માતાજીના મંદિર પાસે પોલીસ કર્મચારી યુવરાજસિંહને માહિતી મળી કે બે શખ્સો ચોરીનું એક્ટિવા વેચવા જઈ રહ્યા છે.પોલીસે ગાંધી ચોક પાસે નંબર પ્લેટ વગરના એક્ટિવા સાથે બે શખ્સોને રોક્યા. તેમની ઓળખ ઠાકોર મનુજી (રહે. સૂરજ) અને ઘાંચી ઈરફાન તરીકે થઈ. એક્ટિવાના કાગળિયા માંગતા બંને પાસે ન હતા.

કડક પૂછપરછમાં બંને શખ્સોએ એક્ટિવાની ચોરી કબૂલી. પોલીસે એક્ટિવા કબજે કરી બંને આરોપીઓને જેલના હવાલે કર્યા છે.






## ભારત, ચીન અને અમેરિકા, વૈશ્વિક સમીકરણોમાં ક્યારે મોટો ફેરફાર થશે?

શાંઘાઈ સહકાર સંગઠન શિખર સંમેલન સૌપ્રથમ ભારતીય વડા પ્રધાનની ચીન મુલાકાતને કારણે સમાચારમાં આવ્યું, પછી મૈત્રીપૂર્ણ વાતાવરણમાં ચીન અને રશિયન રાષ્ટ્રપતિઓ સાથેની તેમની વાતચીતને કારણે. આ બેઠકોએ વિશ્વનું ધ્યાન ખેંચ્યું, પરંતુ અત્યારે કહેવું મુશ્કેલ છે કે ભારત-ચીન સંબંધોમાં કોઈ મોટો ફેરફાર આવશે કે નહીં. આ હજુ ભવિષ્યના ગર્ભમાં છે, કારણ કે બંને દેશો વચ્ચે પરસ્પર સમજૂતી થઈ હોવા છતાં, એવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી જે કહી શકે કે એસસીઓ દ્વારા વૈશ્વિક સમીકરણોમાં એક નવો અધ્યાય શરૂ થવાનો છે અથવા કોઈ મોટો ફેરફાર થવાનો છે.

મોદી-શી જિનપિંગ વચ્ચે પરસ્પર સંબંધો સુધારવાની દિશામાં આગળ વધવા અંગે જે પ્રકારની વાતચીત થઈ તે પહેલા પણ થઈ છે. આ પછી પણ, હકીકત એ છે કે બંને વચ્ચે અવિશ્વાસની દિવાલ પડવાનું નામ નથી લઈ રહી. તેનું કારણ ચીનનું વલણ છે. જો એસસીઓમાં કંઈક નોંધપાત્ર બન્યું હોય, તો તે એ છે કે બંને દેશો વચ્ચે વ્યાપક સંવાદ અને સંપર્કની તૂટેલી સાંકળ ફરીથી સ્થાપિત થઈ ગઈ છે.

જ્યાં સુધી પરસ્પર મતભેદો દૂર કરવા અને આર્થિક સહયોગ વધારવા માટે કંઈક નક્કર ન બને ત્યાં સુધી કોઈ ખૂબ ઉત્સાહિત થઈ શકે નહીં. એ વાત ચોક્કસ છે કે પાકિસ્તાની વડા પ્રધાનની હાજરીમાં એસસીઓના મંચ પરથી પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી હતી. આ ભારત માટે વિજય છે કારણ કે થોડા સમય પહેલા, જીર્ઝ સંરક્ષણ પ્રધાનોના મંચએ પહેલગામ હુમલાનો આતંકવાદના સંદર્ભમાં ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું અને ભારતે આનો વિરોધ કર્યો હતો.

પરિણામે, કોઈ સંયુક્ત નિવેદન જારી કરી શકાયું નહીં. આ વખતે આવું થયું અને પાકિસ્તાન આનાથી શરમ અનુભવ્યું, પરંતુ તે કહેવું મુશ્કેલ છે કે શું તેના સ્વાસ્થ્ય પર અસર થશે. તે ચીનને પણ અસર કરશે નહીં, કારણ કે તે પોતે આતંકવાદ પર બેવડું ધોરણ દર્શાવે છે. જીર્ઝ સમિટ દરમિયાન, ચીન અને રશિયાના રાષ્ટ્રપતિઓ સાથે ભારતીય વડા પ્રધાનની વાતચીત અને બેઠકો વિશ્વ મીડિયા તેમજ યુએસ વહીવટીતંત્ર દ્વારા નોંધવામાં આવી હતી.

તેમણે જે રીતે ભારત સાથેની પોતાની મિત્રતાને યાદ કરી, તે લાગે છે કે તેઓ સંબંધોને વધુ બગાડવા માંગતા નથી, પરંતુ કદાચ ટ્રમ્પ વહીવટીતંત્ર આ અંગે સહમત નથી અથવા તે સમજી શકતું નથી કે આગળ શું કરવું, કારણ કે જ્યારે નવી દિલ્હીમાં યુએસ દૂતાવાસ કહે છે કે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં અપાર શક્યતાઓ છે, ત્યારે ટ્રમ્પના મોટા બોલાચાલી કરનારા સહાયક પીટર નાવારો ભારત વિરુદ્ધ પોતાના પ્રચારને તેજ બનાવે છે કે બ્રાહ્મણો રશિયન તેલનો લાભ લઈ રહ્યા છે. તેમના એક વધુ વાહિયાત નિવેદન સાથે તે શું કહેવા માંગે છે, તે ફક્ત તે જ જાણે છે, ચીન અને અમેરિકા બંનેથી સાવધ રહેવું ભારતના હિતમાં છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

તા.૧૭ સુધી સઘન ચેકીંગ : લોકોને નિયમોનું પાલન કરવા ગૃહવિભાગનો અનુરોધ

# કાળા કાચ અને નંબર પ્લેટ વગરના વાહનો સામે રાજ્યભરમાં પોલીસની ખાસ ડ્રાઇવ શરૂ

અમદાવાદ, તા.૩

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પોલીસ દ્વારા આજથી ૧૭ સપ્ટેમ્બર સુધી રાજ્યભરમાં એક ખાસ ડ્રાઈવ શરૂ કરી નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળી ગાડીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.



પોલીસ વિભાગના જણાવ્યા મુજબ, નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળી ગાડીઓ ઘણીવાર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોય છે અને ગુનેગારોને ઓળખવામાં અવરોધરૂપ બને છે. જેથી ખાસ ડ્રાઈવનો આદેશ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો છે.નંબર પ્લેટ વગરના વાહનો કાયદાકીય રીતે માન્ય નથી, કારણ કે તેનાથી વાહન માલિકની ઓળખ થઈ શકતી નથી. તેવી જ રીતે, કાળા કાચવાળી ગાડીઓમાં અંદર બેઠેલા લોકો સરળતાથી જોઈ શકાતા નથી, જેના કારણે ગુનેગારો માટે આવી ગાડીઓ છૂપાવા માટેનું ઉત્તમ સાધન બની રહે છે. આ કારણોસર પોલીસ વિભાગે આવા વાહનોને શોધી કાઢવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારા માલિકો સામે કડક કાનૂની પગલાં લેવા માટેનો નિર્ણય લીધો છે.

આ ડ્રાઈવ દરમિયાન રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો અને ટ્રાફિક પોલીસ વિભાગને સક્રિય થવા માટે સૂચના આપવામાં આવી છે. શહેરી વિસ્તારોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી, દરેક જગ્યાએ ખાસ ચેકિંગ પોઈન્ટ્સ ઊભા કરવામાં આવશે અને શંકાસ્પદ વાહનોની તપાસ કરવામાં આવશે.પોલીસ દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ તેમના વાહનો પર નિયમાનુસાર નંબર પ્લેટ લગાવે અને કાયદાનું પાલન કરે. જો કોઈ વાહન માલિક નિયમોનું ઉલ્લંઘન કરતો જણાશે, તો તેને દંડ અને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ લોકોમાં કાયદા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને રાજ્યમાં સુરક્ષાનું વાતાવરણ જાળવવાનો છે.

અમદાવાદી યુવકે ખાસ પોશાક તૈયાર કર્યો

# નવરાત્રી માટે 'ઓપરેશન સિંદુર'ની થીમ પર ૩.૫૦ કિલો વજનની ખાસ પાઘડી : આખા ડ્રેસનું વજન ૧૪ કિલો

અમદાવાદ, તા.૩

નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ખેલૈયા ગરબા માટે આતુર બની રહ્યા છે સાથે જ મહિનાઓથી ગરબાની પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. સાથે સાથે નવરાત્રીમાં પહેરવા માટે પરંપરાગત પોશાક પણ તૈયાર કરી રહ્યા છે. ગરબામાં આકર્ષણ કેન્દ્ર બની રહે તે માટે અલગ અલગ થીમ પસંદ કરતાં હોય છે.

ત્યારે અમદાવાદના અનુજ મુદલિયારએ ઓપરેશન સિંદુરની થીમ પર ખાસ પાઘડી બનાવી છે. ખેલૈયા અનુજ મુદલિયારએ વાત કરતા જણાવ્યું છે કે નવરાત્રીની તૈયારી સાથે ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યા છીએ. પરંતુ ગરબા પરંપરાગત પોશાક પણ મહત્વના હોય છે દર વર્ષે પાઘડી આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. ચાલુ વર્ષે ઓપરેશન સિંદૂરની થીમ પર પાઘડી તૈયાર કરવામાં આવી છે. જેમાં આ પાઘડી તૈયાર કરતા ૩ મહિનાનો સમય લાગ્યો છે.



પાઘડીમાં એરક્રાફ્ટ, પીએમ મોદીની પ્રતિકૃતિ, ટીકી, મોતી, આભલા વર્કથી તૈયાર કરાઈ છે. પાઘડી ૩.૫૦ કિલોગ્રામ વજન છે પાઘડી સાથે પોશાક પણ અલગ જ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં મોતી વર્ક હોવાથી વજન પણ વધુ જોવા મળે છે. સાથે પાઘડી સહિત પોશાકનો ૧૪ કિલો વજન છે.

અનુજ મુદલિયાર દર વર્ષે અલગ અલગ થીમ પર પાઘડી તૈયાર કરે છે. જેના કારણે ગરબામાં અનુજની પાઘડી આકર્ષણનું કેન્દ્ર છે. આટલા વજનદાર પોશાક પહેરીને ગરબા કરવા ચેલેન્જ હોય છે. પરંતુ દર વર્ષે ગરબાના અલગ અલગ સ્ટેપ અને પોશાકના કારણે અનુજનું ગ્રુપ ગરબામાં ધૂમ મચાવે છે. આ વર્ષે ઓપરેશન સિંદૂરની થીમ પર બનેલી પાઘડી આકર્ષણ કેન્દ્ર બની રહેશે.

## મધ્યપ્રદેશના ઉજ્જૈની એસબીઆઇમાંથી ૨ કરોડના ઘરેણાં અને ૮ લાખ રોકડની ચોરી

ઉજ્જૈન,તા.૩

મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહાનંદ નગરમાં આવેલી જીૈં બેંક શાખામાં મોટી ચોરીની ઘટના સામે આવી છે. બેંક શાખામાંથી લગભગ ૨ કરોડ રૂપિયાના દાગીના અને ૮ લાખ રૂપિયાની રોકડ ચોરી કરીને બદમાશો ભાગી ગયા. આ ચોરીની માહિતી મળતાં ઉજ્જૈન પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. તે જ સમયે, ચોરી કરતી વખતે બે બદમાશો સીસીટીવી ફૂટેજમાં કેદ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચોરાયેલા દાગીના બેંકમાં રાખેલા સોનાના લોનના દાગીના છે. હાલમાં, પોલીસે CCTVના આધારે ચોરોની શોધ શરૂ કરી છે.

ઉજ્જૈનના મહાનંદ નગરમાં આવેલી એસબીઆઈ બેંકમાં થયેલી ચોરીના કેસમાં, એવું સામે આવી રહ્યું છે કે બેંકના લોકર તૂટેલા નથી અને તાળાઓ ખોલવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મામલાની તપાસ શરૂ કરી હતી.

બેંકમાં તાળું ખોલીને થયેલી ચોરીની ઘટનાને જોતા પોલીસને શંકા છે કે આ ચોરીમાં કોઈ અંદરની વ્યક્તિ સામેલ હોઈ શકે છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

**વૃષભઃ** આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો

**મિથુનઃ** આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

**કર્કઃ** આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**સિંહઃ** આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે. જીવનસાથી અથવા પરિવારના સભ્યો સાથે આજે મતભેદ થઈ શકે છે.

**કન્યાઃ** આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

**તુલાઃ** આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

**વૃશ્ચિકઃ** ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

**ધનઃ** વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

**મકરઃ** આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

**કુંભઃ** આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે

**મીનઃ** આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે.


## ફિલ્મી ગપશપ

યુઝર્સે હદ વટાવી! ક્રિસ્ટલ ડિસોઝાના પેરેન્ટ્સને એક્ટ્રેસના બોલ્ડ સીન મોકલ્યાં

# હિરોઈને ગુસ્સે થઈ કહ્યું- હું તમારા પરિવારને બરબાદ કરી નાખીશ

એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝાએ તાજેતરમાં ખુલાસો કર્યો છે કે કેટલાક યુઝર્સ તેના બોલ્ડ સીનની ક્લિપ્સ કાઢીને તેના માતા-પિતાને મોકલે છે અને અશ્લીલ કોમેન્ટ કરે છે. એક્ટ્રેસે આવા ટ્રોલ કરનારાઓને ઠપકો આપ્યો છે અને કહ્યું કે- જો તે ઈચ્છે તો તે તેમના પરિવારોને બરબાદ કરી શકે છે.

ઝૂમને આપેલા ઈન્ટરવ્યૂમાં, ક્રિસ્ટલ ડિસોઝાએ કહ્યું- 'મેં મારી ફિલ્મોમાં કેટલાક બોલ્ડ સીન કર્યા છે. લોકો તે સીન કાપીને તે ક્લિપ્સ મને



મોકલે છે અને અશ્લીલ વાતો લખે છે. એકદમ અશ્લીલ, ચીપ. પછી હું તેમની પ્રોફાઈલ પર જાઉં છું અને જોઉં છું કે તેમની પત્ની છે, તેમની એક પુત્રી છે અને અમે વિચારીએ છીએ કે તે આ કેવી રીતે કરી શકે છે. જો હું તે સ્ક્રીનશોટ શેર કરું તો શું થશે? હું તમારા પરિવારને બરબાદ કરી શકું છું. તમે આ સમયે મારું માનસિક સ્વાસ્થ્ય બગાડી શકતા નથી, પરંતુ હું આ સમયે તમારા પરિવારને બરબાદ કરી શકું છું. તમારી પાસે આ કરવાની હિંમત કેવી રીતે હોઈ શકે? હું આ તમારી પત્નીને મોકલી શકું છું. તમારી પુત્રીના ભવિષ્ય વિશે વિચારો.'આગળ એક્ટ્રેસે કહ્યું, 'મારે આવી બધી વાતો દિલ પર લેવાની જરૂર નથી. હા, આ બાબતો મને અસર કરે છે. મારા માતા-પિતા પણ સોશિયલ મીડિયા પર છે. તેને પણ આ જ મેસેજ મળે છે, તેમની સાથે પણ આવું જ થાય છે. આ બાબત મને વધુ દુઃખ પહોંચાડે છે. તમે મને કહી શકો છો કે મેં ફિલ્મમાં શું કર્યું છે, તમે આવું કેમ કહી રહ્યા છો.'ક્રિસ્ટલે આ જ ઈન્ટરવ્યૂમાં, માત્ર ૧૫ વર્ષની ઉંમરે લોકલ ટ્રેનમાં તેની સાથે છેડતી થઈ હોવાનો કિસ્સો પણ શેર કર્યો. એક્ટ્રેસે કહ્યું છે કે તે લોકલ ટ્રેનમાં મુસાફરી કરતી હતી. તે ૧૫ વર્ષની હતી. એકવાર એક પુરુષ મહિલાનો ખાલી ડબ્બો જોયો અને તેમાં બેસી ગયો. એટલું નહીં મારી છેડતીનો પણ પ્રયાસ કર્યો હતો. અભિનેત્રીએ તરત જ તે પુરુષનો હાથ પકડીને તેને બહાર ધકેલી દીધો. એક્ટ્રેસે કહ્યું કે આ ઘટના પછી તે ડરવા લાગી, ત્યારબાદ તેની આસપાસની મહિલાઓએ તેને શાંત કરી. આ પછી, તેણે લોકલ ટ્રેનમાં મુસાફરી કરવાનું બંધ કરી દીધું.ક્રિસ્ટલ ડિસોઝાએ વર્ષ ૨૦૦૭ માં ટીવી શો ×કહે ના કહે× થી પોતાની એક્ટિંગ કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી, તે 'ક્યા દિલ મેં હૈ', 'કિસ દેશ મેં નિકલા હોગા ચાંદ' અને 'એક હજારો મેં મેરી બહના હૈ' જેવા ઘણા લોકપ્રિય ટીવી શોમાં જોવા મળી છે. વર્ષ ૨૦૧૯ માં, ક્રિસ્ટલે વેબ શો ×ફિતરત× થી્માં ડેબ્યૂ કર્યું હતું. આ પછી, તે ઈમરાન હાશ્મી સાથે 'ચેહરે' અને 'વિસફોટ' જેવી ફિલ્મોમાં જોવા મળી છે. ટૂંક સમયમાં તે ફિલ્મ 'જાગીર' માં જોવા મળશે.

આરોગ્યના ક્ષેત્રે ટેકનોલોજીની પરિવર્તનકારી ભૂમિકા વિષે બૌદ્ધિકો-નિષ્ણાતો દ્વારા વિસ્તૃત વિચાર વિમર્શ માટે

# ગણપત યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય કક્ષાના 'હેલ્થ-ટેક સમિટ : ૨૦૨૫'નું સફળ આયોજન

**મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ તો અતિથિ વિશેષ તરીકે ડો. અનિલ નાયક અને ડો. પ્રાંજલ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા!**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

ડિવાઈસિસ, ડિલિવરી, ડાટા, ડિસ્કવરી અને એફિસિયન્ટ તેમજ ઈક્લુસિવ હેલ્થ-કેર માટેના કેન્દ્રીય વિચાર ઉપર આયોજિત આ સમિટમાં ૫૦૦ જેટલા અભ્યાસુ-સંશોધકોએ સહભાગી બની આ જ્ઞાનોત્સવનો લાભ લીધો હતો.

આરોગ્યના ક્ષેત્રે ટેકનોલોજીની પરિવર્તનકારી ભૂમિકા વિશે બૌધ્ધિકો-નિષ્ણાતો દ્વારા વિસ્તૃત ચર્ચાઓ, કી-નોટ સેશન્સ, પેનલ ડિસ્કશન્સ, ઈનોવેશન ગેલેરી અને આરોગ્ય અન્વેષણ જેવાં વિવિધ આયામો સાથે તાજેતરમાં ગણપત યુનિવર્સિટીના આંગણે રાષ્ટ્રીય કક્ષાના એક હેલ્થ-ટેક સમિટ-૨૦૨૫નું ભવ્ય અને ભારે સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



આરોગ્ય ક્ષેત્રમાં પ્રવર્તતાં નવીનતા, નેતૃત્વ અને શ્રેષ્ઠતા માટેના આ અનોખા મંચ ઉપર ડિવાઈસિસ, ડિલિવરી, ડાટા, ડિસ્કવરી અને એફિશિયન્ટ તેમજ હેલ્થ-કેર માટેના કેન્દ્રીય વિચાર ઉપર આયોજિત આ ×હેલ્થ-કેર સમિટ : ૨૦૨૫ × માં ગુજરાત સરકારના આરોગ્ય, મેડિકલ તેમજ ઉચ્ચ શિક્ષણ અને કાનૂન ખાતાના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સમિટના મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અન્ય વિશેષ મહેમાનોમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ - દાદા ( ઓનલાઈન ), ગ્રુપ પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. શ્રી અનિલ નાયક, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. પ્રાંજલ મોદી હતાનો મુખ્યત્વે સમાવેશ થતો હતો.

× હેલ્થ-કેર સમિટ : ૨૦૨૫ ×નો આરંભ દીપ-પ્રાગટ્યથી થયો હતો તો ઉદઘાટન સમારંભની શરૂઆત ગણપત યુનિવર્સિટીના સીનિયર પ્રો વાઈસ ચાન્સેલર પ્રો. ડો. આર.કે પટેલના આવકાર પ્રવચનથી થઈ હતી. મહેમાનોના યથોચિત સ્વાગત અભિવાદન પછી ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્માએ

હેલ્થ-કેર સમિટના આયોજનની ભૂમિકા રૂપે વ્યાખ્યાન આપ્યું હતું જેમાં એમણે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આરોગ્ય અંગેની ખેવનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે હેલ્થ-કેર ક્ષેત્રે નવી ટેકનોલોજીનો સ્વીકાર અને તેના વિનિયોગનું ઘણું મહત્વ છે. હેલ્થ-કેર સેક્ટરમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી જ વારસાગત રોગોવાળા માનવ-બીજનું શુદ્ધિકરણ જેવા આવિષ્કારો શક્ય બન્યા છે તો આગામી સમયમાં માણસના મનોવલણોને પણ પારખી શકાશે.

આ સમિટનો હેતુ એટલો અને એવો ઉદાત છે કે તેના દ્વારા શિક્ષણશાસ્ત્રીઓ, નીતિ-રીતિ ઘડનારાઓ, આરોગ્ય ક્ષેત્રનું નેતૃત્વ કરતા મહાનુભાવો, અભ્યાસુ - સંશોધકો, વિદ્યાર્થીઓ અને

ઉદ્યોગ-નિષ્ણાતો એક મંચ ઉપર ભેગા મળે અને હેલ્થ-કેર સેક્ટરના ઉત્કર્ષ વિષે વિચાર વિમર્શ કરી શકે.

ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતદાદાએ ઓનલાઈન આપેલા એમના આશીર્વાદ સમા પ્રવચનમાં કહ્યું હતું કે આ સમિટનું હેલ્થ-કેર ક્ષેત્રે ઘણું મહત્વ છે. એમણે ભવિષ્યમાં ગણપત યુનિવર્સિટી ખાતે મહત્વના બે પ્રકલ્પ શરૂ કરવાનું પોતાનું સપનું જણાવતા કહ્યું હતું કે મારે રિસર્ચ માટે એક ડાટા સેન્ટર બનાવવાનું અને બીજું ગણપત યુનિવર્સિટીને રીન્યુઅલ એનર્જી બાબતે ૧૦૦% સેલ્ફ રિલાયન્ટ બનાવવા ધારું છું. આ અવસરે ૫૦૦ જેવી મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી આ જ્ઞાન-ઉત્સવનો લાભ લીધો હતો.

ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ડો. પ્રાંજલ મોદીએ તેના કી-નોટ એડ્રેસમાં ગુજરાતમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન તથા રોબોટિક સર્જરી ક્ષેત્રે હાંસલ થયેલી સિદ્ધિઓ વિશે પ્રકાશ પાડ્યો હતો, તો હજુ નવી નવી ટેકનોલોજીના વિનિયોગ દ્વારા ભવિષ્યમાં કેટલું બધું કામ થઈ શકે તેમ છે તેની સંભાવનાની પણ વાત કરી હતી. આ સમિટમાં × ફાઈવ 'ડી'સ ફોર એફિશિયન્ટ એન્ડ ઈક્લુસીવ હેલ્થ-કેર ×નામના પુસ્તકનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. સમિટના હાર્દરૂપ એવાં બે પેનલ ડિસ્કશન પણ અવસરે યોજાયા હતા : ૧.× એમ્પાવરિંગ હેલ્થ-કેર ટ્રાન્સફોર્મેશન ×વિષય ઉપરના પેનલ ડિસ્કશનમાં ડો. પાર્થ દેસાઈ, ડો. ભાવેશ મોદી, ડો. રાકેશ જોશી, ડો. બાબાભાઈ મુંજી અને ડોક્ટર મનોજ સતીગેરીએ ગ્રામ્ય આરોગ્ય, ઓક્યુપેશનલ હેલ્થ અને સર્જીકલ સર્વિસિસમાં ટેકનોલોજીના અમલીકરણ અંગે વિચારો રજૂ કર્યા હતા . આ ડિસ્કશનમાં મોડરેટર તરીકે ડો. કિશોર બારડ અને ડો. ગિરીશ પટેલે ફરજ બજાવી હતી.

૨. બીજું પેનલ ડિસ્કશન હતું × રિવોલ્યુશનાઈઝિંગ હેલ્થ-કેર ડિલિવરી × ઉપરનું, જેમાં શ્રી જ્વલન્ત બટાવિયા, ડો. દીપક આનંદ, ડો. વિશાલ નાણાવટી, શ્રી જલિલ પી.એ. ડૉ. સુબોધ પી.આડેસરા, ડો. હિરેન પટેલ અને શ્રી સૈયદ એસ અહેમદ. આ સૌ નિષ્ણાતોએ સ્માર્ટ ડિવાઈસિસ, ટેલિ-મેડિસિન, એઆઈ અને આઈઓટી આધારિત આરોગ્ય સેવાઓની સંભાવના વિશે વિષદ ચર્ચા કરી હતી. આ ડિસ્કશનમાં મોડરેટર તરીકે ડો. સત્યેન પરીખ અને ડો. પ્રફુલ્લ ભારડિયાએ ફરજ બજાવી હતી.× આરોગ્ય અન્વેષ - ૨૦૨૫ × અને × ઈનોવેશન ગેલેરી ×નું પણ આ અવસરે વિશેષ આયોજન થયું હતું જેમાં રાજ્યભરના ૬૩ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ વિજેતાઓમાં પ્રથમ ક્રમે રાજકોટની મારવાડી યુનિવર્સિટી, બીજા ક્રમે ગણપત યુનિવર્સિટી ( ફિઝિયોથેરાપી ઈન્સ્ટિટયૂટ) અને ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ( ફાર્મસી વિભાગ ) આવ્યા હતા.

### ગુજરાતમાં દર ૩ માંથી ૧ યુવા માનસિક તનાવ-ડીપ્રેશનથી ઘેરાયો

# ભણતરના ભારથી માંડીને નોકરી ધંધાનાં ટેન્શનમાં સપડાતો યુવાવર્ગ

### દર મહિને હેલ્પલાઈનમાં સરેરાશ ૪૦૦૦ કોલ તેમાંથી ૮૦ ટકા પરીક્ષા - નોકરીધંધા તથા રીલેશનશીપને લગતા હોવાનો ખુલાસો



ગાંધીનગર તા.૩

જીવનશૈલીથી માંડીને નોકરી ધંધા સુધીના બદલાતા આધુનિક યુગમાં માનસીક તણાવ વધ્યું જ છે. ગુજરાતમાં ત્રીજા ભાગનો યુવા વર્ગ માનસીક તાણથી ઘેરાયેલો હોવાનો ખુલાસો થયો છે.

રાજયના આરોગ્ય મંત્રાલયના રીપોર્ટ મુજબ ૨૯ ટકા યુવાવર્ગ-દર ત્રણમાંથી એક ને માનસીક ચિંતાનો ભરડો છે. જુદા જુદા જીલ્લાઓમાં આ આંકડો ૬.૪ થી માંડીને ૩૨ ટકા સુધીનો છે. રાજયમાં આત્મહત્યાનો દર એક લાખની વસ્તીએ ૧૧.૬ નો છે.જયારે ૨૦૨૦ થી ૨૦૨૩ ના સમયગાળામાં વિદ્યાર્થીઓના આત્મહત્યાનાં બનાવોમાં ૨૧ ટકાનો વધારો છે. જે ઘણો ચોંકાવનારો છે.

માનસીક તનાવ-આત્મહત્યા જેવી બાબતો સામાજીક ચિંતાનો વિષય હોવાનું ગણાવીને રાજયના આરોગ્ય વિભાગ દ્વારા મનોવૈજ્ઞાનિક સારવારનો પ્રોજેકટ હાથ ધર્યો છે. આ સારવાર હાલ માત્ર મોટી હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે. તે ૧૦૦ જેટલા આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ કરાશે.

આ પ્રોજેકટ હેઠળ રાજયની વધુ મેડીકલ કોલેજો, ૧૬ જીલ્લા હોસ્પિટલો તથા ચાર માનસીક આરોગ્ય હોસ્પિટલોના નિષ્ણાંતો દર અઠવાડીયે સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં થશે.મનોચિકિત્સક, માનસીક હેલ્થ કાઉન્સીલર, તથા મનોવૈજ્ઞાનિકની ટીમનું સેટઅપ તૈયાર કરાયુ છે.

દેશની માનસીક આરોગ્ય હેલ્પલાઈન એવી ‘ટેલીમાનસ‘ પર ગુજરાતમાંથી દર મહિને સરેરાશ ૪૦૦૦ કોલ થાય છે. તેના વિશ્લેષણમાં એવુ તારણ નિકળ્યુ છે કે તેમાંથી ૩૬ ટકા કોલમાં વ્યકિતનો મૂડ વારંવાર બદલાઈ જતા હોવાની ફરીયાદ હોય છે.જયારે ૮૦ ટકા કોલમાં પરિક્ષા-નોકરી તથા સંબંધોના તનાવ વિશેના હોય છે.

આ ફોન કરનારા લોકોમાં મોટાભાગનાં લોકોની ઉંઘની પેટર્ન પણ બદલાઈ ગઈ હોય છે.પુરતુ ઉંઘી શકતા નથી.રાજય સરકારના એક સીનીયર અધિકારીએ આ રીપોર્ટ પરથી એવુ ફલિત થયુ છે કે માત્ર શહેરોમાં જ નહિં, તાલૂકા-ગ્રામ્ય સ્તરે પણ માનસીક આરોગ્ય સારવારની જરૂર વધી રહી છે.

રાજય સરકાર દ્વારા ૨૦ હોસ્પિટલો માટે માનસીક આરોગ્ય નિષ્ણાંતોની ભરતી કરવાની યોજના બનાવવામાં આવી છે અને તબકકાવાર ૧૮૦ આરોગ્ય કેન્દ્રોમાં આ સેવા ઉપલબ્ધ બનાવવામાં આવશે.

ખાનગી આરોગ્ય નિષ્ણાંતોએ કહ્યું કે, માનસીક તનાવને ‘માઈન્ડેમિક‘ તરીકે ઓળખાવા લાગ્યુ છે અને કોવીડકાળ બાદ તેનું પ્રમાણ વધ્યુ છે.

અમદાવાદની મેન્ટલ સરકારી હોસ્પિટલનાં મેડીકલ સુપ્રિ.ડો.અજય ચૌહાણે કહ્યું કે હોસ્પિટલમાં દરરોજ ૪૦૦ દર્દીઓની ઓપીડી થાય છે.

તેમાંથી અંદાજીત ૧૫ ટકાની ઉમર ૩૦ વર્ષથી નીચેની અર્થાત યુવા હોય છે. કોવીડકાળ બાદ યુવા વર્ગમાં માનસીક તાણ વધ્યાનું સ્પષ્ટ છે. પ્રાથમીક તબકકે તનાવ અને ડીપ્રેશન જ માલુમ પડે છે. જોકે એક નિષ્ણાંતે દાવો કર્યો હતો કે કોરોનાકાળ પૂર્વે પણ આ કેસો હતા જ પરંતુ કોઈ ગંભીરતાથી લેતુ ન હતું. હવે જાગૃતિ આવી છે.

તેઓના કહેવા પ્રમાણે ૧૫ વર્ષની ઉંમરના બાળકો એકલવાયા તથા માનસીક તાણમાં રહેતા હોવાનું હવે સામાન્ય થઈ ગયુ છે. તનાવગ્રસ્ત નોકરીઓ પણ એક કારણ છે. મોબાઈલ-ટેકનોલોજીના જમાનામાં સ્ક્રીન ટાઈપ વધી ગયાનું પણ એકલવાયાપણાનું કારણ છે. ભણતરનો ભાર પણ ટીનએજરોમાં તનાવ સર્જી રહ્યો છે.

### સિક્યોરિટી ગાર્ડ, સ્કૂલ સ્ટાફ કોઇએ મદદ ન કરી : ઘરેથી દોડી આવેલી માતાએ પુત્રને ઉંચકી રીક્ષા મારફત દવાખાને પહોંચાડયો

# લોહી નીતરતી હાલતમાં નયન સ્કૂલમાં પ્રવેશ્યો : ‘સેવન્થ ડે’ સ્કૂલની પોલ સીસીટીવી કેમેરાના દ્રશ્યોમાં ખુલી ગઇ

અમદાવાદ,તા.૩

૧૯ ઓગસ્ટે અમદાવાદના ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલના ધોરણ ૧૦ના વિદ્યાર્થી નયનની તેની જ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીએ બોક્સ કટર મારીને હત્યા કરી હતી. આ ઘટનાના ૧૫ દિવસ એટલે કે ૨ સપ્ટેમ્બરના રોજ સ્કૂલના પ્રથમવાર સીસીટીવી સામે આવ્યા છે.

જોકે થોડીવાર બાદ નયન ઢળી પડતાં આસપાસમાં વિદ્યાર્થીઓનું ટોળું ભેગું થઈ જાય છે. આ દરમિયાન સ્કૂલના સ્ટાફ કે સિક્યોરિટી ગાર્ડ દ્વારા નયનને કોઈ મદદ કરવામાં આવી નહોતી અને લોકો ત્યાં ઊભાં ઊભાં માત્ર બધું જોઈ રહ્યા હતા. ત્યાર બાદ નયનની માતા અને અન્ય એક મહિલા ત્યાં આવી પહોંચે છે અને વિદ્યાર્થીઓની મદદથી નયનને રિક્ષામાં હોસ્પિટલ લઈ જતાં પણ



જોવા મળી રહ્યાં છે.

ઈજાગ્રસ્ત હાલતમાં નયન સ્કૂલમાં પ્રવેશ્યો સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે બપોરે ૧૨:૫૩ કલાકે પીળા કલરની ટીશર્ટ અને વ્હાઈટ પેન્ટમાં નયન સ્કૂલના ગેટમાં અંદર આવે છે. નયન સાથે સ્કૂલના ત્રણથી ચાર છોકરા પણ જોવા મળી રહ્યા છે.

આ દરમિયાન નયનને પેટના ભાગે જ્યાં બોક્સ કટર વાગ્યું હતું ત્યાંથી લોહી નીકળી રહ્યું છે અને એ ભાગને નયને હાથથી દબાવી રાખ્યો હતો. ઈજાગ્રસ્ત હોવાના કારણે નયન સરખું ચાલી પણ શકતો નહોતો. અંતે નયન ફસડાઈ પડ્યો છતાં સ્કૂલ સ્ટાફ મદદે ના આવ્યો.

આ દરમિયાન ત્યાં હાજર વિદ્યાર્થીઓને ખબર પડતાં દોડધામ મચી જાય છે અને વિદ્યાર્થીઓ નયન તરફ દોડી જાય છે, ત્યારે ત્યાં સિક્યોરિટી ગાર્ડ આવી પહોંચે છે અને લાકડી બતાવીને વિદ્યાર્થીઓને દૂર ભગાડવાનો પ્રયાસ કરે છે. ઝઝૂફ માં નયન જ્યાં ફસડાઈ પડ્યો હતો એ જગ્યા દેખાતી નથી, પણ વિદ્યાર્થીઓ તેને ઘેરી વળે છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે.આ સમયે સ્કૂલ સ્ટાફના કેટલાક માણસો પણ ઝઝૂફમાં દેખાય છે. જોતજોતાંમાં આ ઘટના અંગે જાણ થતાં વિદ્યાર્થીઓ દોડધામ મચે છે અને ડર ફેલાય છે. જોકે સ્કૂલનો સ્ટાફ ત્યાં હાજર હોવા છતાં તેઓ નયનને હોસ્પિટલ ખસેડવાની તસદી લેતો નથી.૭ મિનિટ બાદ એટલે કે ૧ વાગ્યે બે મહિલા દોડતી દોડતી ગેટમાં પ્રવેશ છે અને નયન પાસે પહોંચે છે. એ વખતે હાજર વિદ્યાર્થીઓ દ્વારા નયનને ઊંચકીને ગેટ બહાર લઈ જઈ એક રિક્ષામાં બેસાડીને હોસ્પિટલ ખસેડવામાં આવે છે. આ મહિલાઓ નયનના પરિવારજન હોવાની વાત સામે આવી છે.

આમ, વિદ્યાર્થીનાં પરિવારજનો છેક ઘરેથી સ્કૂલ સુધી પહોંચીને દીકરાને હોસ્પિટલ ખસેડે છે, પરંતુ સ્કૂલ તરફથી બેદરકારી દાખવીને નયનની કોઈ મદદ કરવામાં આવી નહોતી એ સ્પષ્ટ સીસીટીવીમાં જોવા મળી રહ્યું છે.

સેવન્થ ડે સ્કૂલે વાલીઓના ગ્રુપમાં ઘટનાની ટાઈમલાઈન મૂકી હાથ ખંખેર્યા સેવન્થ ડે સ્કૂલે વાલીઓના ગ્રુપમાં ઘટનાની ટાઈમલાઈન મૂકી સમગ્ર મામલે હવે હાથ ખંખેર્યા છે. ઘટના અંગે શાળા પ્રશાસને દાવો કર્યો છે કે તેમને બેદરકારી નથી દાખવી.

### ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખનું મંત્રીમંડળ વિસ્તરણ હવે નોરતા પર નજર

# સોમવારથી વિધાનસભાનું સત્ર; ‘મુહૂર્ત’ની રાહમાં ભાદરવો પણ જશે!

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩

ગુજરાતમાં લાંબા સમયથી ભાજપના સંગઠન અંગે થઈ રહેલા વિલંબમાં હવે ફરી એક વખત આ સપ્તાહના અંત સુધીમાં કોઈ નિર્ણય લેવાય છે કે કેમ તેના પર નજર છે. ખાસ કરીને તા.૮થી ૩ દિવસ માટે વિધાનસભાનું ચોમાસુ સત્ર જામશે અને તે પુર્વે તા.૭થી (રવિવાર) શ્રાદ્ધનો પણ પ્રારંભ થાય છે જે તા.૨૧ સુધી ચાલશે. શ્રાદ્ધ પક્ષમાં સારા કામ ન થાય તેવી આપની પરંપરાગત માન્યતા છે.તેની શનિવાર સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ મળી શકે છે તેવી ચર્ચા ભાજપમાં શરુ થઈ છે. શનિવારથી જ ભાજપના સાંસદોને ચાર દિવસ માટે દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી સંદર્ભમાં અને પક્ષનો વર્કશોપ છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ ઉપરાંત મંત્રીમંડળની પુનઃરચનાનો મુદો પણ છે પણ તેમાં કોઈ નિર્ણય લેવાય તેવી ધારણા નથી. નવા મંત્રીઓને બે ત્રણ દિવસમાં જ વિધાનસભાનો સામનો કરવો પડે તેવું સરકાર ઈચ્છે નહી.બીજી તરફ ગોપાલ ઈટાલીયા ઈફેકટ ભાજપના નવા સંગઠનમાં કેવી હશે તેની ચર્ચા છે. ખાસ કરીને લેઉવા પાટીદારમાં ઈટાલીયા ઘુસવા માંગે છે તેની નજર યુવા મતદારો પર છે જે ‘આપ‘ને માઈલેજ અપાવી શકશે.

સૂત્રોના જણાવ્યા મુજબ આથી સૌરાષ્ટ્રમાં ઈટાલીયાનો મુકાબલો કરી શકે તેવા ચહેરાને હવે બહાર લાવવો પડશે.હાલના લેઉવા પટેલ નેતાઓમાં કોઈ ઈટાલીયા ઈફેકટનો પડકાર ઉપાડી શકે છે કે કેમ તે પ્રશ્ન છે. સૌરાષ્ટ્રમાંથી કોઈ પ્રદેશ પ્રમુખ ના મળે તો યુવા મહામંત્રીમાં ચહેરામાં રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડનું નામ સંગઠનમાં ચર્ચામાં છે.

પ્રમુખ તરીકે તેમનું કદ હજું મોટું થવાનું બાકી છે પણ મહામંત્રી બની શકે છે તો સાવ ‘સંઘ-છાપ‘ ચહેરા નહી ચાલે. શેરીનું રાજકારણ રમી શકે તેવા લોકોને સંગઠનમાં સ્થાન અપાવે.

સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે ગુજરાત ભાજપ રાજયમાં સંગઠન નવરચનાને ‘ગ્રાન્ટેડ‘ લઈ રહ્યું છે. જીલ્લા-મહાનગર પ્રમુખોને એકલા છોડી દેવાયા છે અને ફકત કાર્યક્રમના આદેશ જ છૂટે છે તેમાંથી પક્ષના નેતાઓ તથા કાર્યકર્તાઓમાં પણ હવે કોઈ કાર્યક્રમને લઈને ગંભીરતા નથી અને ફકત કરવા પુરતા કાર્યક્રમ થાય છે. મોવડીમંડળને જો સંગઠનની ચિંતા ન હોય તો આપણે વધુ હવે દોડવાની જરૂર નથી તેવો માહોલ બની ગયો છે.


પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ

ઇ-ટેન્ડર-નોટિસ નં. સિનિયર ડીઇઇ/એડીઆઇ/૨૨(૨૫-૨૬) તા.-૦૧.૦૯.૨૦૨૫

વિવિધ વિદ્યુત કાર્યો

ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-28-2025-26

| | |
|---|---|
| કાર્યનું નામ: ના વિસ્તરણના સંબંધમાં વિદ્યુત કાર્ય ગાંધીધામ ખાતે સ્ટેડિયમ અને કોમ્યુનિટી હોલમાં સુવિધાઓ અને રહેઠાણ, મહેસાણા ખાતે PF-5 (UP મેઇન લાઇન નં.7) અને PF-6 (લૂપ લાઇન નં. 8) પર બેલેસ્ટલેસ ટ્રેકની જોગવાઈ, છારોડી ખાતે સાણંદ ઉત્તર કનેક્ટિવિટી અને રેલ્વે ગુડ્સ સાઇડિંગ લાઇનના કમિશનિંગને કારણે હાલના સાણંદ અને છારોડી સ્ટેશન યાર્ડમાં ફેરફાર અને ફેરફાર, વિરમગામ સામખિયાળી વિભાગ પર ધ્રાંગધ્રા - ઘનશ્યામગઢ સ્ટેશન વચ્ચે કિમી 629/3-4 પર LC નં. 48A ના બદલે ROB નું બાંધકામ, - પાલનપુર ખાતે SPART પરીક્ષા માટે ટાવર વેગન સાઇડિંગ પર પીટ લાઇનનું વિસ્તરણ અને 47 સ્ટાફ ક્વાર્ટર્સ, 07 સર્વિસ બિલ્ડિંગ, 02 ડ્રાઇવર કોલોની કાંકરિયા ખાતે સ્ટ્રીટ લાઇટ અને પંપને અલગ કરવા માટે વાયરિંગ વ્યવસ્થામાં ફેરફાર. | |
| અંદાજિત કિંમત: ૧,૦૭,૫૩,૯૦૨/- | કમાણી: ૨,૦૩,૮૦૦/- |
| સબમિશનની તારીખ અને સમય: ૧૫:૦૦ કલાક પછી નહીં. ૩૦.૦૯.૨૦૨૫ | |
| ખુલવાની તારીખ અને સમય: ૩૦.૦૯.૨૦૨૫ બપોરે ૩.૩૦ વાગ્યે. | |
| ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (W.R.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. | |
| વેબસાઇટની વિગતો: www.ireps.gov.in | એડીઆઇ 148 |

facebook.com/WesternRly.com/... અમને અનુસરો: twitter.com/WesternRly


# આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહાવ્યય થાય છે. વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી




યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




જળ ઝીલણી એકાદશીની ગઈકાલે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી ત્યારે ઠાકોરજી મહારાજની શોભાયાત્રા પધરામણી થઈ તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ પ્રહલાદના સંગમાં આવેલાને ભક્તિનો રંગ લાગતો. તમારા સંગમાં આવેલાને ભક્તિ નો રંગ ન લાગે તો માનજો કે, મારી ભક્તિ કાચી.પણ બીજાને સુધારવાની ભાંજગડમાંસાધારણ મનુષ્યે પડવાની જરૂર નથી તમે તમારા મનને સુધારો તો પણ ઘણું છે.આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહા વ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી. વૈષ્ણવ તો તે છે કે, જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં જેને ઈશ્વરનું આરાધન કરવું છે તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં. વ્યસન એક જ હોવું જોઈએ શ્રી કૃષ્ણ ભક્તિ વ્યસન રૂપ બને છે ત્યારે મુક્તિ મળે છે.

તુકારામ મહારાજને ભક્તિનું એવું વ્યસન હતું.તેઓએ કહ્યું છે,મારી આંખને આવી ટેવ પડી છે કે,જ્યાં નજર જાય ત્યાં તેને મુરલી મનોહરનું સ્વરૂપ દેખાય છે.

રાજયાશાસનથી સમાજ સુધરે નહીં.સંત સદભાવથી સમાજને સુધારી શકેછે.દિતિને ગર્ભ રહ્યો છે,બ્રહ્માજી દેવો દિતિના પેટમાં કોણ છે તેની કથા સંભળાવે છે.

અંતઃકરણ ચતુષ્ટય શુદ્ધ થાય ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. ઈશ્વરદર્શન કરવા જાવ ત્યારે આ ચારેયને શુદ્ધ કરીને જાવ. અંતઃકરણના ચાર પ્રકાર છે. અંતઃકરણ સંકલ્પવિકલ્પ કરે ત્યારે એને મન કહે છે. કોઈ વિષયનો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહે છે, શ્રીકૃષ્ણનું ચિંતન કરે તેને ચિત્ત કહે છે અને અંતઃકરણમાં ક્રિયાનું અભિમાન જાગે ત્યારે તેને અહંકાર કહે છે. મન,બુદ્ધિ,ચિત્ત,અહંકાર ચારેયને શુદ્ધ કરો.એ ચારેયને શુદ્ધ કર્યા વગર પરમાત્માનાં દર્શન થતાં નથી આ ચારની શુદ્ધિ બ્રહ્મ ચર્ય વગર થતી નથી.સનતકુમારો બ્રહ્મચર્ય નો અવતાર છે.આ સનતકુમારો એક વખતઆદિ નારાયણનાં દર્શન કરવા વૈકુંઠમાં જાય છે.

વૈકુંઠમાં કામને અને કાળને પ્રવેશ મળી શકતો નથી. જ્યાં બુદ્ધિ કુંઠિત થાય છે તે વૈકુંઠ. વૈકુંઠનાં વૃક્ષો દિવ્ય છે. પુષ્પો પણ દિવ્ય છે. છ ઋતુઓ સખીઓ બનીને સેવા કરે છે. સાત મોટા મોટા કોટ ઓળંગીને જવું પડે છે. દક્ષિણમાં રંગનાથનું મંદિર આ વૈકુંઠના વર્ણનને અનુસરીને બનાવવામાં આવ્યું છે. અહીં ભમરાઓ પણ પ્રેમથી ઈશ્વરનાં ગુણગાન ગાતા હોય તેવું લાગે છે. પાર્ષદો પણ ભગવાન જેવા અને દાસીઓ પણ લક્ષ્મીજી જેવી. પાર્ષદો પણ શંખ,ચક્રધારી ચતુર્ભુજ છે. ઈશ્વરના દરબારમાં વિષમતા નથી તમે પણ ભોજન વગેરેમાંવિષમતા કરશો નહીં.સર્વને માટે સમાન ભાવે સરખું ભોજન રાખો. ભોજનમાં વિષમતા કરે તેને સંગ્રહણીનો રોગ થાય છે.

વિષમતામાંથી વેરની ઉત્પત્તિ થાય છે. વ્યવહારમાં સંપૂર્ણ સમતા થતી જ નથી. એટલે વિષમતા કદાચ કરવી પડે તો સદભાવથી કરો. વૈકુંઠમાં વિષમતા નથી. લક્ષ્મીજી પણ વૈકુંઠમાં પ્રમાદ કરતાં નથી.વૈકુંઠમાં લક્ષ્મીજી જાતે સેવા કરે છે.બુહારી જાતે કરે છે.

શુકદેવજી કથા કરતાં લક્ષ્મી નારાયણનાં દર્શન કરે છે. પ્રતિબિંબને જોતાં બિંબને મોહ થાય છે,ત્યારે બિંબને જોતાંકેટલો આનંદ થાય!વૈષ્ણવો ભાગ્યશાળી કે તે બિંબને જોઈ શકે છે. ભગવાન પોતાનું બિંબ જોઈ શકતા નથી.કનૈયો દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે. યશોદાજીને કહે છે કે,આ બાળક બહુ સુંદર છે.મારે આ બાળક સાથે રમવું છે.યશોદાજી સમજાવે છે કે,આ બાળક જુદો નથી.એ તારું જ પ્રતિબિંબ છે.પોતાના પ્રતિબિંબનાં દર્શન કરતાં ભગવાન પણ ભૂલે, તો ગોપીઓ બિંબના દર્શન કરતાં ભાન ભૂલે તેમાં શું આશ્ચર્ય!

સનતકુમારો વૈકુંઠલોકના છ દરવાજાઓ ઓળંગી સાતમા દરવાજે આવ્યા,ત્યાં ભગવાનના દ્વારપાળો જય અને વિજયે તેઓને અટકાવ્યા. સનતકુમારોએ કહ્યું કે,લક્ષ્મી મા અને નારાયણ પિતાને મળવા જઈએ છીએ.સનતકુમારો કૌપીન ધારી હતા. કૌપીનનો અર્થ કેવળ લંગોટી નહીં. જિતેન્દ્રિયતા એ જ કૌપીન.જિતેન્દ્રિય થઈનેભગવાન નાં દર્શન કરવા જવાનું છે દ્વારપાળોએ કહ્યું,ભલે,પણ અંદર થી હુકમ આવશે પછી જ તમને અંદર જવા દઈશું.કામાનુજએટલે કામનો નાનો ભાઈ ક્રોધને મારવો કઠણ છે.કામનું મૂળ સંકલ્પ છે. જ્ઞાનીઓ કોઈના શરીરનું ચિંતન કરતા નથી એટલે તેમને કામ ત્રાસ આપી શકતો નથી. જ્ઞાની પુરુષનું પતન કામથી નહીં,પણ ક્રોધથી થાય છે. છ દરવાજા ઓળંગીને જ્ઞાની પુરુષો જઈ શકે,પણ સાતમે દરવાજે જય-વિજય તેઓને અટકાવે છે.

સાત પ્રકારનાં યોગનાં અંગોએ વૈકુંઠના સાત દરવાજા છે. યોગના સાત અંગો યમ,નિયમ,આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા.આ સાત દરવાજા વટાવ્યા પછી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. યોગનાં સાત અંગો સિદ્ધ કરો, તો વૈકુંઠમાં પ્રવેશ મળશે.

ધ્યાન એટલે એક અંગનું ચિંતન. શરીર અને આંખને સ્થિર રાખવા એ જ આસન.ધારણ એટલે સર્વાંગનું ચિંતન અને દર્શન. ધારણામાં સાધકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેવાની જરૂર છે.સર્વાંગનું ચિંતન કરવા છતાં સિદ્ધિ અને પ્રસિદ્ધિ અટકાવે છે.આ સિદ્ધિ-પ્રસિદ્ધિ તે જય અને વિજય. સેવામાં પ્રમાદ કરે તેનું પતન થાય છે. જગત મારા માટે શું બોલે છે તે જાણવાની ઈચ્છા રાખશો નહીં પણ જગદી શ્વર મારા માટે શું કહેશે તેનો ખ્યાલ રાખજો.લૌકિક પ્રતિષ્ઠામાં ફસાયા તે પરમાત્માથી દૂર ગયા જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ. સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી.ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે,હું બ્રહ્મરૂપ થઈ ગયો છું!પછી સેવા- સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે.મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે.નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાં સુધી ભક્તિ થતી નથી.મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે.ક્રોધ કરવાથી સનતકુમારો ને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું,પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ.કારણ ક્રોધ.

મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે,જ્ઞાનમાર્ગમાં જ્ઞાની ઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે.કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણન ભણે તો અજ્ઞાની રહેછે અને બહુ ભણે તો કેટલીકવાર અભિમાનમાં મરે છે.

કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે.લોભથી ભક્તિનો નાશ થાયછે કામ,ક્રોધ,લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.

એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભથાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે.

વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે.તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે.

ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.બાબાનો શુટ બનાવવોહોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલઆપ મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે.સત્યનારાયણની કથામાં બેસવાનું હોય,તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અનેજ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવા નો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે બસ અહીં અટકીએ અસ્તુ.

# અંબાજી ભાદરવી પૂનમ મેળામાં પાણી પુરવઠા વિભાગની પાણીદાર વ્યવસ્થા

# ભાદરવી પૂનમના મેળામાં રોજ ૨૮ લાખ લીટર પાણી આપવાની કરાઈ વ્યવસ્થા : મેનેજમેન્ટ માટે ૭ ટીમો દ્વારા મોનિટરિંગ









(ગરવી તાકાત) પાલનપુર તા.૩

અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં દૂર દૂરથી પદયાત્રા કરીને આવતા લાખો લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે અને પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીદાર વ્યવસ્થા કરવામાં આવી છે. લાખોની સંખ્યામાં આવતા યાત્રિકોની જરૂરિયાતને પહોંચી વળવા અંબાજીમાં રોજનું ૨૮ લાખ લીટર પાણી પુરવઠો અવિરત પૂરો પાડવામાં આવે છે.

મેળામાં આવતા પદયાત્રિકો અને સેવા કેમ્પ સહિત મેળાની વ્યવસ્થામાં રોકાયેલા સ્ટાફને પીવાના પાણી સહિત વપરાશના પાણીની પુરતી સુવિધા મળે એ માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટરશ્રી મિહિર પટેલે જુદી જુદી સમિતિઓ સહિત પાણીનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે કાર્યપાલક ઈજનેરશ્રી અજય નગરિયાના અધ્યક્ષસ્થાને પાણી પુરવઠા સમિતિની રચના કરી હતી.

તેમના નેતૃત્વમાં પાણી પુરવઠા વિભાગના સ્ટાફ દ્વારા અંબાજીના તમામ વિસ્તારોમાં અવિરત પાણી પુરવઠો પૂરો પડાય છે.

અંબાજી આવતા રસ્તાઓમાં ઠેર ઠેર પીવાના પાણીની વ્યાપક સુવિધાઓ જોઈને યાત્રિકો આ વ્યવસ્થાના વખાણ કરી રહ્યા છે. આ અંગે પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી અજય નગરિયાએ જણાવ્યું કે, ભાદરવી પૂનમના મેળા નિમિત્તે અંબાજી અને ગબ્બર ખાતે પૂરતા પ્રેસરથી પાણી મળે એ માટે ધરોઈ જળાશય દ્વારા ૧૮ લાખ લિટર પાણી પાઈપલાઈન દ્વારા પૂરું પાડવામાં આવે છે તથા ૧૦ લાખ લિટર પાણી સ્થાનિક સ્ત્રોત દ્વારા અંબાજીમાં પાઈપલાઈન મારફત પૂરું પાડવામાં આવે છે અને રોજનું કુલ ૨૮ લાખ લીટર પાણી અંબાજી શહેર અને મેળામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પૂરું પાડવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, પાણી પુરવઠા વિભાગ દ્વારા મેળામાં ૩૫ પાર્કિંગ સ્થળે પીવાનું તથા વપરાશનું પાણી આપવામાં આવે છે. જેમાં અંબાજીથી દાતા રોડ પર ૨૫ પાર્કિંગ સ્થળોએ પીવાનું પાણી અને ગબ્બર રોડ પર ૪ પાર્કિંગ સ્થળોએ પીવાનું પાણી અને યાત્રાધામ ખાતે શેલ્ટર હોમ, પાર્કિંગ જેવી જગ્યાએ ટેક્રર મારફત પાણી પૂરું પાડવામાં આવે છે.આ પાણી વિતરણ વ્યવસ્થાના મેનેજમેન્ટ માટે ૭ ટીમો દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## દાંતા-અંબાજી માર્ગ પર ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સેવા કેમ્પોનું નિરીક્ષણ કરી યાત્રિકોને ભોજન પીરસ્યું

(ગરવી તાકાત) અંબાજી: ૩

ગુજરાત રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ અંબાજી માર્ગ સ્થિત વિવિધ સેવા કેમ્પની મુલાકાત લીધી હતી. તેમણે અંબાજી માર્ગ સ્થિત વિવિધ સેવા કેમ્પની સેવાઓનું નિરીક્ષણ કરી યાત્રિકોને ભોજન પીરસ્યું હતું. તેમણે વડગામ તાલુકાના ધોરી સ્થિત પી.એન.માળી ફાઉન્ડેશન સેવા કેમ્પ, રાધે મિત્ર મંડળ મહેસાણા પગપાળા સંઘ, જય જલિયાણા સેવા કેમ્પ, જય અંબે સેવા કેન્દ્ર, સિધ્ધ હેમ સેવા કેમ્પ તથા ભાદરવી સેવા કેમ્પ ખાતે વિવિધ સેવાઓનું નિરીક્ષણ કરી યાત્રિકોને ભોજન પીરસી ધન્યતા અનુભવી હતી. મંત્રીશ્રીએ યાત્રિકો સાથે સંવાદ સાધી મહા મેળાના ભક્તિમય માહોલના રંગે રંગાયા હતા.



આ પ્રસંગે મંત્રી હર્ષ સંઘવીએ બોલ માડી અંબે જય જય અંબે નાદ સાથે જણાવ્યું કે, ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર એવા અંબાજી ખાતે સેવાકીય પ્રવૃતિઓ સરાહનીય છે. તેમણે સેવાકીય પ્રવૃતિઓ કરતા આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમના મેળામાં લાખો યાત્રિકો ઉમટી રહ્યા છે. જેની સેવા સુવિધાઓ માટે ઠેર ઠેર સેવા કેમ્પો ઉભા કરવામાં આવ્યા છે. દાંતા અંબાજી રોડ પર દર વર્ષે બહોળી સંખ્યામાં સેવા કેમ્પનું લગાવવામાં આવે છે. જેમાં ચા નાસ્તો ,ભોજન અને વિસામાની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. જેનો લાખો યાત્રિકો લાભ લે છે.

### તાલુકા કક્ષાનો 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાશે

## તાલુકા સ્વાગતમાં જિલ્લાના વર્ગ-૧ કક્ષાના અધિકારી લાયઝન અધિકારી તરીકે હાજર રહેશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા નિવાસી અધિક કલેકટરશ્રી જે. કે. જેગોડાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર લોકોની ફરીયાદોના નિરાકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ જે તે તાલુકા કક્ષાએ "તાલુકા સ્વાગત કાર્યક્રમ" તા. ૨૪/૦૯/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

આ કાર્યક્રમ અન્વયે મહેસાણા જિલ્લાના તાલુકાઓના જે લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ પોતાના પ્રશ્નો ×તાલુકા સ્વાગત× માટે સબંધિત મામલતદારશ્રીની કચેરીમાં પોતાના પ્રશ્નો કચેરી કામકાજના સમય દરમિયાન રજુ કરી શકશે.

તાલુકા સ્વાગતમાં જિલ્લા કક્ષાના વર્ગ-૧ કક્ષાના અધિકારીશ્રી તરીકે મહેસાણા તાલુકા માટે મહેસાણા પ્રાંત અધિકારીશ્રી, વિસનગર તાલુકા માટે વિસનગર પ્રાંત અધિકારીશ્રી,વડનગર તાલુકા માટે મહેસાણા જિલ્લા પંચાયત નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ( પંચાયત ), ખેરાલુ તાલુકા માટે ખેરાલુ પ્રાંત અધિકારીશ્રી,સતલાસણા તાલુકા માટે ધરોઈ વિભાગ કાર્યપાલક ઈજનેરશ્રી,ઊંઝા તાલુકા માટે મહેસાણા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, વિજાપુર તાલુકા માટે મહેસાણા નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી, કડી તાલુકા માટે કડી પ્રાંત અધિકારીશ્રી, બેચરાજી તાલુકા માટે મહેસાણા નાયબ વન સંરક્ષકશ્રી, જોટાણા તાલુકા માટે મહેસાણા નાયબ ખેતી નિયામકશ્રી (વિ) લાયઝન અધિકારી તરીકે હાજર રહેશે.

આ માટે, કર્મચારીઓની નોકરી બાબતના પ્રશ્નો, કોર્ટ કેસો, ન્યાયીક કે અર્ધ ન્યાયીક બાબતો ચાલુ હોય તેવા પ્રશ્નો તેમજ અગાઉ રજુ કરેલ પ્રશ્નો પુન: રજુ કરી શકાશે નહી. આ માટેના પ્રશ્ન અંગેની અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" અંગેનો પ્રશ્ન તેમ લખાણ કરવાનું રહશે.

## અમદાવાદમાં શીલજ ખાતે નવરાત્રીમાં "રાતલડી – ધ મંડળી ગરબા ૨૦૨૫" નું ભવ્ય આયોજન



આ વખતે નવરાત્રી દરમિયાન ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી અમદાવાદના શીલજ વિસ્તારમાં આવેલ મહેન્દ્ર ફાર્મ ખાતે "રાતલડી – ધ મંડળી ગરબા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષની ખાસ શરૂઆત ૨૧ સપ્ટેમ્બરે પ્રિ-નવરાત્રીથી થશે, જ્યાં લોકપ્રિય ગાયક જિગરદાન ગઢવી ખાસ ઉપસ્થિત રહેશે.આ વર્ષની ગરબાની તમામ માહિતી આપવા માટે રાતલડીની સમગ્ર ટિમ સાથે ઝાલા ઈવેન્ટ્સ ના જયવીરસિંહ ઝાલા ઉપસ્થિત: રહ્યા હતા. જેઓ દ્વારા આ વર્ષે ગરબાની રમઝટ કેવી ખાસ હશે અને ગત વર્ષ કરતા કેટલા ગ્રાન્ડ લેવલ પર કરવામાં આવશે તેની વિસ્તૃત માહિતી આપી હતી."રાતલડી – ધ મંડળી ગરબા" માત્ર એક ગરબા ઈવેન્ટ નથી, પણ સમુદાયિક અનુભવ છે, જે દરેકને કાયમી યાદો આપવાનું વચન આપે છે. મંડળીનો "દેશી તડકો" અને ૫૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા કલાકારોના સંગીતથી મહેન્દ્ર ફાર્મ અવિસ્મરણીય ગરબા નગરીમાં પરિવર્તિત થશે. ખાસ લાલ અને સફેદ થીમ આધારિત ડેકોરેશન આ નવરાત્રીને અનોખી શાન આપશે.સંગીત અને નૃત્ય દ્વારા લોકોને એકસાથે લાવવાનો અમારો જુસ્સો જ 'રાતલડી'નું પ્રેરણાસ્ત્રોત છે. ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની છબિ દર્શાવતો આ ગરબા મહોત્સવ એ રીતે તૈયાર કરવામાં આવ્યો છે કે જે દરેક ગરબા રસિકને સૂરજની પહેલી કિરણ સુધી ઝૂમવા પ્રેરિત કરે.તેમના સંકલનથી આ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. ગરબા રસિકોની સુરક્ષા, આરામ અને આનંદને પ્રાથમિકતા આપીને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સંગીત, પરંપરા અને આધુનિકતાનો આ અનોખો મેળાવડો અમદાવાદની નવરાત્રીને એક નવી ઓળખ અપાવશે.

### અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા કચરાનો યોગ્ય નિકાલ કરવાના ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવકો - વાહનોનું ગાંધીનગરથી પ્રસ્થાન :

## અંબાજી ભાદરવી પુનમનો મેળો : પદયાત્રીઓને ૧૦ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ અપાશે

(ગરવી તાકાત) અંબાજી, તા. ૩

લાખો માઈ ભક્તોની આસ્થા સાથે જોડાયેલી લ્લઅંબાજી પદયાત્રા-સ્વચ્છ પર્યાવરણ યાત્રા'બની રહે તેવા મંત્ર સાથે અંબાજી પદયાત્રા દરમિયાન એકત્રિત થતો હજારો ટન વિવિધ ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી રીસાઈકલ-નિકાલ કરવા અંદાજે છેલ્લા ૧૩ વર્ષથી ૄઁઝ્રમ્ દ્વારા એક વિશેષ પહેલ હાથ ધરવામાં આવે છે.અંબાજી પદયાત્રા માર્ગ પર ગત વર્ષે ૭૬૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આ વર્ષે પણ અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા વિવિધ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાના ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવકોની ટીમ તેમજ ૧૦ બોલેરો ગાડીને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCBના ઉપક્રમે ક-રોડ ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજી પદયાત્રીઓને ૧૦ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે. આ માટે વિવિધ ઉદ્યોગો દ્વારા ૧૦,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે. પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અંગે જાગૃતિ માટે ૫૦ થી વધુ શેરી નાટક ભજવાશે.



### પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ દ્વારા અંબાજી તરફ જતાં તમામ માર્ગો પર સેવા કેમ્પો શરૂ કરાયા

**મેળા અને ઉત્સવો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ઉત્સવો થકી નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય છે. અંબાજી ખાતે વર્ષોથી યોજાતા ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈ ભક્તો ચાલીને આસ્થા સાથે માં અંબાના દર્શન કરે છે. આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ, ગામ અને શહેરો દ્વારા પદયાત્રા માર્ગ પર સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.આ દરમિયાન સ્વાભાવિક ક્રમે ઉત્પન્ન થતા વિવિધ કચરાના નિકાલ માટે GPCB દ્વારા વર્ષ ૨૦૧૧થી વિવિધ સંસ્થાઓની મદદથી પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવાનું અવિરત મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવો એ આપણા સૌની ફરજ છે.**

મેળા અને ઉત્સવો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ઉત્સવો થકી નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય છે. અંબાજી ખાતે વર્ષોથી યોજાતા ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈ ભક્તો ચાલીને આસ્થા સાથે માં અંબાના દર્શન કરે છે. આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ, ગામ અને શહેરો દ્વારા પદયાત્રા માર્ગ પર સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.આ દરમિયાન સ્વાભાવિક ક્રમે ઉત્પન્ન થતા વિવિધ કચરાના નિકાલ માટે GPCB દ્વારા વર્ષ ૨૦૧૧થી વિવિધ સંસ્થાઓની મદદથી પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવાનું અવિરત મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવો એ આપણા સૌની ફરજ છે.

આ અભિયાનમાં સહભાગી સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવાનોને અભિનંદન આપીને પદયાત્રાના માર્ગ પર આવતા ગામો અને શહેરો પર સ્વેચ્છાએ અભિયાનમાં જોડાય તેવો અનુરોધ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો.

દર વર્ષે GPCB અને સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી અંબાજી પદયાત્રાના માર્ગના સ્વચ્છ રાખવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. ઘન કચરાના નિકાલ અને રીસાઈકલ કરવાથી પર્યાવરણના જતનની સાથે રોજગારી પણ ઉપલબ્ધ થાય છે. પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાના સંદેશા સાથે કલાકારો દ્વારા જાગૃતિ દર્શાવતું શેરી નાટક ભજવીને સૌને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી તેમ, GPCB ગાંધીનગરની યાદીમાં જણાવાયું હતું.

# સંક્ષિપ્ત સમાચાર

## ઇડરના સદાતપુરા પ્રાથમિક શાળા દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



(ગરવી તાકાત) ઈડર તા.૩

ઈડર તાલુકાના સદાતપુરા ગામ ની પ્રાથમિક શાળા દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાય તે માટે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું જેમાં શાળાના બાળકો તથા શિક્ષક ગણ ની સાથે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન હિમાંશુભાઈ નીનામા તેમજ ઈડર તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જયેશભાઈ પ્રજાપતિ. બી.આર.સી આરીફ ભાઈ મન્સુરી , તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કલ્પેશભાઈ પટેલ તથા શાળાના આચાર્ય હિતેષભાઈ જોશી વગેરે જોડાયા હતા.

## સાબકાંઠા જીલ્લાના ભાણપુર ગામે રામદેવપીર ની શોભાયાત્રા નીકળી



(ગરવી તાકાત) ઈડર તા.૩

ઈડર તાલુકાના ભાણપુર ગામે રામદેવપીર ની ભાદરવા સુદ અગિયારસ ને બુધવાર ના રોજ દેવીપૂજક સમાજના ભાઈ બહેનો દ્વારા શોભાયાત્રા કાઢવા માં આવી હતી . આ પ્રસંગે ઈડર તાલુકામાંથી દેવી પૂજક સમાજના ભાઈ બહેનો નેજા લઈ ભાણપુર ગામ ની આ શોભા યાત્રા માં જોડાયા હતા.આ પ્રસંગે મહાપ્રસાદ નું આયોજન પણ કરવા માં આવ્યું હતું આ શોભાયાત્રા માં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી

રામદેવપીર ઉત્સવમાં હાજર રહી ભક્તિભાવ માં લીન બન્યા હતા.

## ઇડરના કુકડીયા ગામની ગૌઉવા નદીમાં ડૂબી જતાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૩

ઈડર તાલુકાના કુકડીયા ગામ નજીક ગૌઉવા નદીમાં એક વ્યક્તિનું પગ લપસી જતાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું.

માહિતી મુજબ, વાંસડોલ ગામના રહેવાસી રાજેન્દ્રસિંહ ચંદનસિંહ રાઠોડ (ઉંમર ૪૫ વર્ષ) ગૌઉવા નદીના કિનારે ગયા હતા. આ દરમ્યાન અચાનક પગ લપસતા તેઓ નદીમાં પડતાં પાણીના પ્રવાહમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી લાંબી જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો.

બડોલી આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ ભુપેન્દ્રસિંહે જણાવ્યું હતું કે મૃતદેહને કબજા માં લઈને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે એડી દાખલ કરી લાશને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી.આ દુર્ઘટના બાદ ગ્રામજનોમાં શોકનું મોજું ફેલાઈ ગયું છે.

## ઇડરના કુકડીયા પાટીયાથી કુકડીયા ગામ સુધીનો રોડ બિસ્માર : વાહનચાલકોને ભારે મુશ્કેલી

(ગરવી તાકાત) ઈડર તા.૩

ઈડર તાલુકાના બડોલી ગામના કુકડીયા પાટીયાથી વાંસડોલ ગામ અને કુકડીયા ગામે જતો માર્ગ હાલ બિસ્માર હાલતમાં પહોંચી ગયો છે. રસ્તા પર સતત ભારે વાહનોની અવરજવર થતી હોવાથી મોટાં ખાડાં પડી ગયા છે.



ખાસ કરીને માર્ગ પર આવેલ કોલ્ડ સ્ટોરેજને કારણે રાત-દિવસ લોડિંગ ટ્રકો પસાર થાય છે, જેના દબાણથી રસ્તાની હાલત કફોડી બની ગઈ છે.

ચોમાસા દરમ્યાન આ ખાડાંમાં પાણી ભરાઈ જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અનેક વખત વાહનો ખાડામાં પટકાતા નુકસાન થવાના બનાવો પણ સામે આવ્યા છે.વાંસડોલ ગામના સરપંચ ભુપેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, ×રસ્તાની દયનીય હાલત અંગે તંત્રને અનેકવાર રજૂઆત કરી છે, છતાં અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.× તેમણે તાત્કાલિક માર્ગ પરના ખાડાં પૂરીને વાહનવ્યવહાર સરળ બનાવવાની માંગ ઉઠાવી છે. લોકોમાં તંત્ર પ્રત્યે ભારે નારાજગી વ્યાપી રહી છે અને સત્વરે માર્ગ મરામત ન થાય તો આક્રોશ વધવાની સંભાવના છે.વાહન ચાલકો આ બિસ્માર હાલત વારા રોડ થી છુટકારો ક્યારે આવશે તેની રાહ જોઈ રહ્યા છે

Volume : 11 Issue : 141 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002